GUJARAT VIDYAPITH KRISHI VIGYAN KENDRA
AMBHETI, DIST. – VALSAD (GUJARAT)

# NEWSLETTER

JAN - JUNE, 2021 Number 19



*My life is My Message*

**PATRON**
Dr R. A. Khimani

**Chief Editor**
Dr R. F. Thakor
Senior Scientist & Head

**Editorial Team**
Shri K. A. Patel
Shri A. R. Patel
Shri L. T .Kapur
Shri M. M. Gajjar

**Support**
Dr B. M. Patel
Shri P. J. Joshi
Smt P. R. Ahir
Smt P. B. Ratiya
Shri P. R. Patel

*Half Yearly Newsletter Published by*
Gujarat Vidyapith
KRISHI VIGYAN KENDRA
AMBHETI –396 191
Dist. Valsad (Gujarat)
E-mail : kvkvalsad@gmail.com
Website : www.kvkvalsad.org

## World Women Day

World Women Day was organized on 08/03/2021 at KVK. About 74 farm women of different villages were participated. The chief guest Smt Ratanben Patel, Member of District Panchayat inspired the farm women to be self dependent through various vocational activities. Mrs. Ashaben Gohil, (Professor, NSS Unit, College of Arts, Motapondha) aware the women about women's protection Acts. Smt. Premilaben Ahir, Home Scientist, KVK guided participants for entrepreneurship development through various activities.



## વિશ્વ મહિલા દિવસ

તા. ૦૮/૦૩/૨૦૨૧ના રોજ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી માટેનો કાર્યક્રમ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અંભેટી ખાતે યોજવામાં આવ્યો. જેમાં જુદા જુદા ગામના અંદાજે ૭૪ જેટલા ખેડુત બહેનો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે જિલ્લા પંચાયત વલસાડના આ વિસ્તારના સદસ્યા શ્રીમતી રતનબેન પટેલે પ્રાસંગિક પ્રવચન દરમ્યાન જુદા જુદા કાર્યક્ષેત્રોમાં મહિલાઓના આત્મનિર્ભર અને સફળ થવા માટે પ્રેરણા આપી હતી. આ સાથે મોટાપોંઢા એન એસ એસ યુનીટના શ્રીમતી આશાબેન ગોહિલ દ્વારા પણ આ પ્રસંગે નવા નારી સંરક્ષણ અધિનિયમોની વિસ્તૃત સમજ બહેનોને આપવામાં આવી હતી

## Jal Shakti Abhiyan

Jal Shakti Abhiyan is celebrated by Govt. of India for creating awareness on water conservation. As a part, World Water Day was celebrated at Amdha village of Kaprada block on 22nd March, 2021 on the theme "Save Water, Save Life", protect water Resources. More than 61 farmers of Amdha and nearby villages were participated. The farmers were motivated by Mr P. J. Joshi (Agri. Engineer, KVK) for efficient use of water and to adopt various technologies of water conservation .



## જળ શક્તિ અભિયાન

સરકારશ્રી દ્વારા જળસંકટ સામે લોક જાગૃત્તિ કેળવવા જળ શક્તિ અભિયાન દેશમાં ચલાવવામાં આવી રહ્યું છે. આ અભિયાન અંતર્ગત કેન્દ્ર દ્વારા જળ સંરક્ષણ વિશે વિવિધ કાર્યક્રમો કરવામાં આવી રહ્યા છે. જેના ભાગરૂપે પાણીનો કરકસરયુક્ત ઉપયોગ કરીને અને વિવિધ તાંત્રિકતાઓ દ્વારા જળનું સંરક્ષણ થાય તે હેતુથી તા. ૨૨ માર્ચ, ૨૦૨૧ ના રોજ "જળ બચાવો, જીવન બચાવો, જળના કુદરતી સ્ત્રોતો જાળવણી કરો" વિષય આધારીત વિશ્વ જળ દિવસ ઉજવણી આમધા ખાતે કરવામાં આવેલ. જેમાં ખુંટલી, પાનસ, આમધા, અરણાઇ વગેરે ગામોના ૬૧ જેટલા ખેડુતોએ ભાગ લીધો હતો.

કિસાન કોલ સેન્ટર ૧૮૦૦૧૮૦૧૫૫૧

## Skill Development Training

### Tractor Operator

Skill training of one month duration on tractor driving sponsored by Agriculture Skill Council of India was organized at KVK by Shri P. J. Joshi (Agri. Engineer, KVK). Twenty rural youth from different villages were participated in this training programme. They were trained on details of tractor and implements and its maintenance. The participants were practically trained on tractor driving and different operation of farming. All the trainees were also provided the licence from RTO with the effort of KVK.





## કૌશલ્યવર્ધન તાલીમ

### ટ્રેક્ટર ડ્રાઇવીંગ

એગ્રીકલ્ચર સ્કીલ કાઉન્સીલ ઓફ ઇન્ડીયા દ્વારા પુરસ્કૃત ૨૦૦ કલાકના ટ્રેક્ટર ઓપરેટર કૌશલ્યવર્ધન તાલીમ કાર્યક્રમનું આયોજન કેન્દ્રના કૃષિ ઇજનેરીના નિષ્ણાત શ્રી પી. જે. જોષી દ્વારા કરવામાં આવ્યું હતું આ તાલીમમાં દરેક તાલીમાર્થીઓને ટ્રેક્ટરની સંપૂર્ણ કાર્યપધ્ધતિ, વિવિધ ખેતી કાર્યોમાં ટ્રેક્ટરનો ઉપયોગ વગેરે વિષયોની સૈધ્ધાન્તિક અને પ્રયોગિક તાલીમ આપવામાં આવી, તથા દરેક તાલીમાર્થીઓને રોડ ટ્રાન્સપોર્ટ માટે લાયસન્સ મેળવવા માટે કોમ્પ્યુટર પરીક્ષા તથા વાહન ચલાવવા માટે પાકા લાયસન્સ પણ મેળવવા માટે જરૂરી તમામ ટેસ્ટ પાસ કરવામાં સક્ષમ બનાવવામાં આવ્યા.

### Vegetbale Nursery

The vocational training programme of four day duration on vegetable nursery management was organized to provide self employment. About 22 participants were practically trained on nursery management using plug tray. They were provided the plug tray to start this activity.



### શાકભાજી નર્સરી

તા. ૦૮ થી ૧૧ માર્ચ, ૨૧ દરમ્યાન ચાર દિવસની પ્લગ નર્સરીમાં શાકભાજી ઉછેરની સૈધ્ધાંતિક અને પ્રાયોગિક તાલીમ આપવામાં આવી. તાલીમ દરમ્યાન મહિલાઓને પ્રોત્સાહન મળી રહે તે માટે ૨૨ મહિલાઓને રોપા ઉછેર માટે ટ્રે આપવામાં આવી

### Mushroom Production

Skill training programme of four day duration on mushroom cultivation was organized to provide self employment. Twenty participants of Nanivahiyal village were practically trained on cultivation of oyster mushroom and they were provided the spawn (seed material) to start this activity.



### મશરૂમ ઉત્પાદન

કેન્દ્ર દ્વારા આદિવાસી વિસ્તારની મહિલાઓ ઘરબેઠાં મશરૂમ ઉત્પાદન કરી આજીવિકા મેળવી શકે તે હેતુથી ધરમપુર તાલુકાનાં નાની વહિયાળ ગામનાં ૨૦ તાલીમાર્થી ભાઇઓ અને બહેનોને ૪ દિવસની તાલીમ આપવામાં આવી. જેમાં ઓઇસ્ટર મશરૂમને લગતી સૈધ્ધાંતિક અને પ્રાયોગિક તાલીમ આપવામાં આવી.

## Azadi Ka Amrut Mahotsav

As a part of Azadi Ka Amrut Mahotsav compaign, various programmes were organized through out the week on topic "Commercial crop clean and green India" and "Sugarcane for sugar and beyond" . In which more than 290 farmers were participated. Shri M. M. Gajjar, Agronomist, KVK and other experts guided the farmers on scientific cultivation of sugarcane and other cash crops to enhance their income.



## આઝાદીનો અમૃત મહોત્સવ

આઝાદીના અમૃત મહોત્સવ કાર્યક્રમ અંતર્ગત કોમર્શીયલ ક્રોપ ક્લિન અને ગ્રીન ઇન્ડીંયા અને સુગરકેન ફોર સુગર એન્ડ બીયોન્ડ વિષય અંતર્ગત સપ્તાહની ઉજવણી કરવામાં આવી. આ બે સપ્તાહમાં કુલ ૨૯૦ જેટલા ખેડુતોએ ભાગ લીધો. જેમાં કેન્દ્રના વૈજ્ઞાનિકો દ્વારા ખેડુતોની આવકમાં વધારો થાય તે હેતુથી શેરડી અને રોકડીયા પાકની ખેતી પધ્ધતિ વિશે માર્ગદર્શન આપવામાં આવ્યુ.

## Front Line Demonstrations

### Crop : Chickpea

Under National Food Security Mission (NFSM), Cluster Frontline Demonstrations on chickpea was conducted on 10 ha (25 farmers) in Sadadvera, Samarsingi, Dhodhadkuva and Chival villages during Rabi 2020-21. The demo variety GJG.-3 gave 41 % higher yield.



### Crop : Indian bean

Front Line Demonstration on Indian bean was laid down at seven villages under 9.7 ha (97 farmers) in Rabi season. The demonstrated *var.* Guj. Val. 2 gave 34.% higher yield than lacal variety.



### Crop : Greengram

Under National Food Security Mission (NFSM), FLD on GAM-5 variety of greengram was conducted on 10 ha (25 farmers) in Lakhmapor, Dhadhadkuva, Panchalai and Asma a villages during summer -2021. The demonstrated *var.* GAM-5 gave 342.47 % higher yield.



### Nutritional Garden

To promote the concept of nutritional garden among rural farm women, 107 demonstrations were organized at five villages. The field day was organized on 25th Feb, 2021 in which about 55 farm women of Khuntli, Panas and Amdha villages were participated.



## અગ્ર હરોળ નિદર્શનો

### ચણા પાક

રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા યોજના અંતર્ગત ચણા પાકમાં નવી તાંત્રિકતાઓનાં પ્રચાર પ્રસાર માટે સાદડવેરા, સામરસીંગી, ધોધડકુવા અને ચીવલ ખાતે ૧૦ હે. વિસ્તારમાં ૨૫ ખેડુતોના ખેતરે નિદર્શનો ગોઠવવામાં આવેલ. જેમાં નિદર્શિત જાત જી.જે.જી.૩ માં ૪૧% જેટલો ઉત્પાદનમાં વધારો જોવા મળેલ.

### વાલ પાક

વાલ પાકમાં ૭ ગામોમાં ૯.૭ હે. વિસ્તારમાં ૯૭ ખેડુતોના ખેતરે સુધારેલ જાત ગુજ. વાલ-૨ ના નિદર્શનો ખેડુતોના ખેતરે ગોઠવવામાં આવેલ. પરિણામે નિદર્શિત જાતમાં ઉત્પાદનમાં ૩૪% જેટલો વધારો જોવા મળેલ.

### મગ પાક

રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા યોજના અંતર્ગત કઠોળ પાકોનું ઉત્પાદન વધારવાના હેતુથી ૧૦ હેક્ટર વિસ્તારમાં ૨૫ જેટલા ખેડુતોના ખેતરે ઉનાળુ મગની નવી સુધારેલી ગુજ. આણંદ મગ.- ૫ જાતના અગ્ર હરોળ નિદર્શનો ગોઠવવામાં આવ્યા.

### ન્યુટ્રીશનલ ગાર્ડન

ન્યુટ્રીશનલ ગાર્ડનના પ્રચાર પ્રસાર અર્થે જુદાજુદા પાંચ ગામોમાં ખેડુત મહિલાઓના ખેતરે ન્યુટ્રીશનલ ગાર્ડનના કુલ ૧૦૭ નિદર્શનો ગોઠવવામાં આવ્યા હતા. આજુ બાજુના ખેડુતોમાં તાંત્રિકતાના વ્યાપક પ્રચાર અર્થે તા. ૨૫/૦૨/૨૦૨૧ ના રોજ ગોઠવેલ ક્ષેત્ર દિનમાં ખુંટલી, પાનસ અને આમધા ગામના ૫૫ જેટલા ખેડુત બહેનોએ ભાગ લીધો હતો.

## FLD during Kharif 2021(અગ્ર હરોળ નિદર્શનો- ખરીફ ૨૦૨૧)

| Crop<br>પાક | Variety/Technology<br>જાત/ તાંત્રિક્તા | Area (ha)<br>વિસ્તાર(હે) | No.of Farmers<br>ખેડુતો | Villages<br>ગામો |
|---|---|---|---|---|
| Paddy<br>ડાંગર | GAR-13<br>જી.એ.આર.૧૩ | 35.00 | 175 | Sadadvera, Samarsingi, Lakhmapor, Panchlai, Chival, Dhodhadkuva, Nanivahiyal<br>સાદડવેરા, સામરશીંગી, લખમાપોર, પંચલાઇ, ચીવલ, ધોધડકુવા,નાનીવહીયાળ |
| Nagli<br>નાગલી | G.Nagli 5, 6<br>ગુ.નાગલી- ૫ | 7.5 | 75 | Niloshi, Kolvera, Sarvartati<br>નિલોશી, કોલવેરા, સરવરટાટી |
| Bittergourd<br>કારેલા | F 1 Hybrid Var.<br>F 1 હાઇબ્રીડ | 2.50 | 25 | Veribhavada<br>વેરીભવાડા |
| Pigeon pea<br>તુવેર | G.T.104<br>જી.ટી.૧૦૪ | 6.2 | 62 | Panchlai, Chival, Nanivahiyal, Dhodhadkuva<br>પંચલાઇ, ચીવલ, નાનીવહીયાળ, ધોધડકુવા |
| Paddy<br>ડાંગર | Green manuring, Dapog<br>લીલોપડવાશ, ડેપોગ | 3.5 | 40 | Samarpada<br>સામરપાડા |

## On Farm Testing

On farm trials were coducted on 20 farmers field at Kakadkopar village to check the efficacy of thiourea in summer paddy. For the management of red mite in brinjal, on farm trials were conducted on 10 farmers field at Varoli village. KVK conducted on farm trials at Nani-vahiyal, Panchlai and Chival village to compare the improved high yielding variety with hybrid variety of paddy on 10 farmers field. OFT was organized at Khadakval village of Kaprada on 20 farmers filed to check the effect of zinc on quality and production of finger millet.



## DAMU Project

Under the DAMU Project, total 52 agromet advisory were provided to framers of Valsad district through different media. The ‘world meteorological day’ was celebrated at Kakadkopar village on 23rd March,2021. The detail forcast of “Taukte” strom was provided through newspaper, WhatsApp, SMS, Youtube, TV, Twitter, mobile, etc. media. Six awareness programmes were organized in which about 156 farmers were aware about agromet advisory, Meghdoot App., and DAMINI App.

## Farmers Services

To increase the area under HYVs of paddy, about 6300 kg seed of improved varieties were provided to 825 farmers of different villages. About 799 fruitfly traps were prepared and supplied to 59 farmers for the management of fruitfly in mango. To improve the soil health, 17500 kg vermicompost was prepared and supplied to 210 farmers of different villages.

## ઓન ફાર્મ ટેસ્ટીંગ

ઉનાળુ ડાંગરમાં થાયોયુરીયાની અસર તપાસવા માટે કાકડકોપર ગામમાં ૨૦ ખેડુતોના ખેતરે ઓન ફાર્મ ટ્રાયલ ગોઠવવામાં આવ્યા. રીંગણમાં લાલ કથીરીના નિયંત્રણ માટે વારોલી ગામના ૧૦ ખેડુતોના ખેતરે ઓન ફાર્મ ટ્રાયલ ગોઠવવામાં આવ્યા. કેન્દ્ર દ્વારા ડાંગર પાકની હાઇબ્રીડ જાતોની તુલનામાં વધુ ઉત્પાદન આપતી ભલામણ કરેલ સુધારેલી જાતોની સરખામણી કરવા અને ખેતી ખર્ચ ઘટાડવા માટે નાની વહિયાળ, પંચલાઇ અને ચીવલ ગામોમાં ૧૦ ખેડુતોના ખેતરે ઓન ફાર્મ ટ્રાયલ ગોઠવવામાં આવ્યા. નાગલીના પાકની ગુણવત્તા અને પાક ઉત્પાદન ઉપર જસતની અસર તપાસવા માટે ખડકવાળ ગામમાં ૨૦ ખેડુતોના ખેતરે ઓન ફાર્મ ટ્રાયલ ગોઠવવામાં આવ્યા

## જિલ્લા કૃષિ હવામાન એકમ

પ્રોજેક્ટ અંતર્ગત કુલ ૫૨ કૃષિ હવામાન સલાહકારી સેવા ખેડુતોને જુદા-જુદા માધ્યમ દ્વારા આપવામાં આવી. ૨૩ માર્ચ, ૨૦૨૧ ના રોજ કાકડકોપર ગામે “વિશ્વ હવામાન દિવસ” ની ઉજવણી કરવામાં આવેલ. પ્રોજેક્ટ અંતર્ગત સમાચાર પત્ર, વોટસ્એપ, ટેક્સ મેસેજ, યુ-ટ્યુબ, ટેલિવિઝન, ટ્વિટર અને ફોન દ્વારા “તોક્તે” વાવાઝોડાં અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવેલ. પ્રોજેક્ટ અંતર્ગત ૬ ખેડુત જાગૃત્તતા કાર્યક્રમ યોજવામાં આવેલ. જેમાં વિવિધ ગામનાં ૧૫૬ જેટલા ખેડુતોને કૃષિ હવામાન સલાહકારી સેવા, મેઘદૂત મોબાઇલ એપ્લીકેશન અને દામિની મોબાઇલ એપ્લીકેશન અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવેલ.

## ખેડુતલક્ષી સેવા

ડાંગરની સારી જાતોનો વ્યાપ વધે તે હેતુથી કેન્દ્રના નિદર્શન ફાર્મ ખાતે તૈયાર કરવામાં આવેલ ડાંગરની સારી જાતોનું કુલ ૬૩૦૦ કીલો બિયારણ વિવિધ ગામના કુલ ૮૨૫ ખેડુતોને પુરુ પાડવામાં આવ્યું. આંબામાં ફળમાખી નિયંત્રણ માટે કેન્દ્ર ખાતે ૭૯૯ ટ્રેપ તૈયાર કરી ૫૯ ખેડુતોને પુરા પાડવામાં આવ્યા. જમીન સ્વાસ્થ્ય સુધારણા માટે ૧૭૫૦૦ કીલો વર્મીકમ્પોસ્ટ કેન્દ્ર ખાતે તૈયાર કરી ૨૧૦ ખેડુતોને પુરુ પાડવામાં આવ્યું.

**BOOK - POST**

**From -**
Gujarat Vidyapith
Krishi Vigyan Kendra
Ambheti, Via. Vapi
Ta. Kaprada, Dist. Valsad (Gujarat) 396191